દિવ્ય ભાસ્કર

ભુજ, મંગળવાર
૧૩ ડિસેમ્બર ૨૦૧૧

### યુએસ બેઝડ કંપની ઇન્ડ આર્યાની ગુજરાતની ઓફિસનો ભુજમાં આરંભ

# બારામાં ₹ ૪૫૦૦ કરોડનો ઉર્જા પાર્ક

**અબડાસામાં સૂર્યકિરણો અને વાતાવરણ અનુકૂળ હોવાનું સંશોધન, ઇન્ટીગ્રેટેડ રિન્યુઅલ એનર્જી પ્રોજેક્ટ 2000 એકર જમીનમાં ઊભો થશે**

ભાસ્કર ન્યૂઝ. ભુજ

વીજળી હબ બની ગયેલા કચ્છ જિલ્લામાં વિકાસની પાંખો દેશી-વિદેશી કંપનીઓનું ધ્યાન આકર્ષે છે તેમાં હવે દેશનો પ્રથમ અને લાંબામાં લાંબો, ગ્રીન પાવર પાર્ક કચ્છના અબડાસા તાલુકાના બારા ગામે સ્થપાશે. રૂપિયા ૪૫૦૦ કરોડના ખર્ચે ઊભા થનારા ઈન્ટીગ્રેટેડ રિન્યુઅલ એનર્જી (સંકલિત પુનઃપ્રાપ્ય ઉર્જા) પાર્કમાં સૌર ઉર્જા, પવન ઉર્જા, બાયો માસ અને એનર્જી પ્લાન્ટેશનનું સંકલન થશે, જેમાં સૌર ઉર્જા સંચાલિત પેનલનું મેન્યુફેકચરિંગ પણ કરાશે, જે ભારતમાં અહીં પ્રથમ હશે. વર્ષના ૩૬૫માંથી ૩૩૦ દિવસ કચ્છમાં અને ખાસ કરીને અબડાસા તાલુકામાં આકાશ ચોખ્ખું રહે છે, મતલબ કે, સાચો અને સીધો

...અનુસંધાન પાના નં.૬



ભુજ ઓફિસનું ઉદઘાટન કરતાં એમડી જગન્નાથન તથા અન્યો.

### કચ્છને ૯૦ ટકા રોજગારીનો દાવો

**કંપનીના** ડાયરેક્ટર્સે આજે જણાવ્યું હતું કે, બે હજાર એકર જમીનના આ પાર્કમાં સ્થાનિક રોજગારીને પ્રાધાન્ય અપાયું છે. આ માટે ભુજની એન્જિનિયરિંગ અને પોલિટેકનિકમાં જોબફેર પણ યોજાયો હતો. જરૂર પડયેથી જ ગુજરાત બહારના અધિકારી-કર્મચારીઓને નિમવામાં આવશે. 90 ટકા રોજગારી સ્થાનિક રહેશે તેમ દાવો કરાયો હતો.